જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/૧૯૫૫૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૦૫/૧૦/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ પ્રાથમિક,માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તરફ
જિ-સુરત.

આ સાથે સામેલ એડવાઈઝર, કેસીજી અને પૂર્વ કુલપતિ,ગુજરાત યુનીવર્સીટી અમદાવાદના પત્ર ક્રમાંક/શિ.વિ./ઉ.ટે.શિ./ક્વિઝ/૨૦૨૨/૧૮૬૩ તા.૦૪/૧૦/૨૦૨૨ અન્વયે ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q) સ્પર્ધાનું ઓનલાઈન ઈનોગ્રેશન તા.૦૭/૧૦/૨૦૨૨ નાં રોજ ભાગ લેવા અંગે જાણ તથા અમલ થવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

No. શિ.વિ./ઉ.ટે. શિ /ક્વિઝ/૨૦૨૨/
નોલેજ કન્સોર્ટીયમ ગુજરાત,
નવરંગપુરા, અમદાવાદ
તા: ૦૮/૧૦/૨૦૨૨

પ્રતિ,

1. રજીસ્ટ્રારશ્રી, રાજ્યની તમામ યુનિવર્સીટીઓ
2. આચાર્યશ્રી, રાજ્યની તમામ શાળાઓ
3. આચાર્યશ્રી, રાજ્યની તમામ કોલેજો

વિષય: જિલ્લા/ મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધા બાબત

શ્રીમાન,

ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q) અંતર્ગત તાલુકા/મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધાના ૧૧ રાઉન્ડ પૂર્ણ થયેલ છે. માન.શિક્ષણ મંત્રીશ્રી સાથે તા:૦૪/૧૦/૨૦૨૨ના ગુજરાત યુનિવર્સીટી ખાતે થયેલ ચર્ચા અનુસાર જિલ્લા/ મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધાનું આયોજન તા:૦૭/૧૦/૨૦૨૨ના રોજ આયોજિત કરેલ છે.

આ સ્પર્ધાનું ઓનલાઇન ઇનોગ્રેશન તા:૦૭/૧૦/૨૦૨૨ના 10:00PM થી 11:00PM દરમ્યાન રાખવામાં આવેલ છે જેમાં માન. મુખ્યમંત્રીશ્રી, માન.શિક્ષણમંત્રીશ્રી અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રી FB & Youtube Live મારફત જોડાઈને સ્પર્ધકોનું મનોબળ વધારશે. આ માટે આપશ્રીની સંસ્થામાં સ્પર્ધકો અને અન્ય વિધાર્થીઓ માન. મુખ્યમંત્રીશ્રી, માન.શિક્ષણમંત્રીશ્રી અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રીનું પ્રેરક ઉદબોધન નિહાળે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

તા:૦૭/૧૦/૨૦૨૨ના રોજ જિલ્લા/ મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધાનું શેડ્યુલ નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | સમય | સ્થળ |
|---|---|---|---|
| ૧ | શાળા કક્ષાની સ્પર્ધા | 11:00 AM to 02:00PM, | સબંધિત વિજેતાની શાળામાં |
| ૨ | કોલેજ/યુનિવર્સીટી કક્ષાની સ્પર્ધા | 03:00 PM to 05:00PM | સબંધિત વિજેતાની કોલેજ/યુનિવર્સીટીમાં |
| ૩ | અન્ય પ્રજાજન કેટેગરી | 05:00 PM to 10:00PM | પોતાના ઘરેથી |

આ જિલ્લા/ મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધામાં નીચે મુજબના ઇનામો નક્કી કરવામાં આવેલ છે.

**શાળા કક્ષાના વિજેતાઓ માટે:** જિલ્લા/મહાનગરપાલિકામાંથી ૧૦ વિજેતાઓને બે દિવસની ઝોન વાઈઝ સ્ટડી ટુર(૨ દિવસ + ૦૧ રાત્રી) ઈનામ સ્વરૂપે પ્રાપ્ત થશે. ઉપરાંત 33 જિલ્લા અને ૮ મહાનગરપાલિકાના તમામ વિજેતાઓમાંથી પ્રથમ વિજેતાને Rs.2 લાખ, દ્વિતીય વિજેતાને Rs.1.25 લાખ અને તૃતિય વિજેતાને Rs.75 હજારનું ઈનામ પ્રાપ્ત થશે.

**કોલેજ/યુનિવર્સીટી કક્ષાના વિજેતાઓ માટે** : જેમાં જિલ્લા/મહાનગરપાલિકામાંથી ૧૦ વિજેતાઓને બે દિવસની ઝોન વાઈઝ સ્ટડી ટુર(૨ દિવસ + ૦૧ રાત્રી) ઈનામ સ્વરૂપે પ્રાપ્ત થશે. ઉપરાંત 33 જિલ્લા અને ૮ મહાનગરપાલિકાના તમામ વિજેતાઓમાંથી પ્રથમ વિજેતાને Rs.3 લાખ, દ્વિતીય વિજેતાને Rs.2 લાખ અને તૃતિય વિજેતાને Rs.1 લાખનું ઈનામ પ્રાપ્ત થશે.

**અન્ય પ્રજાજન કેટેગરીના વિજેતાઓ માટે:** જિલ્લા/મહાનગરપાલિકામાંથી ૧૦૦ વિજેતાઓને બે દિવસની ઝોન વાઈઝ સ્ટડી ટુર(૨ દિવસ + ૦૧ રાત્રી) ઈનામ સ્વરૂપે પ્રાપ્ત થશે

આમ. જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાની આ સ્પર્ધામાં આપની સંસ્થાના તમામ વિજેતાઓ આપશ્રીની ઉપસ્થિતિમાં રમે તે મુજબની વ્યવસ્થા આપશ્રીએ કરવાની રહેશે.

પ્રો.એ.યુ.પટેલ
એડવાઈઝર, કેસીજી અને
પૂર્વ કુલપતિ, ગુજરાત યુનિવર્સીટી

કાર્યવાહી સારૂં,

- તમામ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓ (તમામ શાળાઓને જાણ કરવા સારૂં)

સવિનય જાણ સારૂં,

- માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- અગ્રસચિવશ્રી(શિક્ષણ), ગુ.રા
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), ગુ.રા
- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુ.રા
- ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા
- ઓએસડી(એક્સટેન્સન), કેસીજી
- ઓએસડી(એકાઉન્ટ અને એડમીન)

ક્માંક:-મઉમશબ/સંશોધન/૨૦૨૨/૧૧૪૨૯-૧૧૪૬૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૪/૧૦/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી. તમામ.

આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવા તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

૦૪/૧૦/૨૦૨૨

(બી. એમ. સોલંકી)
સંયુક્ત નિયામક
ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,
ગાંધીનગર.